| | |
|---|---|
| નોંધ્યા તારીખ | ૧૭/૦૫/૨૦૨૫ |
| દાખલ કર્યા તારીખ | ૧૭/૦૫/૨૦૨૫ |
| ફેસલ તારીખ | **૨૩/૦૪/૨૦૨૬** |
| સમયગાળો | દિવસ માસ વર્ષ<br>૦૬ –૧૧ –૦૦ |

---

**સમીના મે.એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમા, મુ.સમી.**

---

**ફોજદારી કેસ નંબર : ૧૯૮/૨૦૨૫**

**આંક : ૨૮**

**<u>ફરીયાદી</u> :–** શ્રી સરકાર

**– : : વિરૂધ્ધ : : –**

**આરોપી :–** રાજેન્દ્રકુમાર મફતલાલ વ્યાસ, ઉ.વ.૬૦,
હાલ રહે : મકાન નં.૩૪,અન્નપુર્ણા સોસાયટી, જીમખાના,
પાટણ,તા.જી.પાટણ,
મુળ રહે : ખારીધારીયાલ, તા.ચાણસ્માં, જી.પાટણ.

**ગુનો : – બી.એન.એસ.કલમ–૩૧૯(૨) તથા ધી ગુજરાત મેડીકલ પ્રેકટીશ્નર એકટ ૧૯૬૩ ની કલમ–૩૦ મુજબ.**

| |
|---|
| ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એમ.જી.કોરોટ |
| આરોપી તરફે વિ.વ.શ્રી બી.એસ.જાલેરા |

**ઠ રા વ**

(૧) ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, તા.૦૪/૦૩/૨૦૨૫ ના કલાક ૧૫:૦૦ વાગ્યે માંડવી ગામે એક મકાનમાં બિમાર લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરી એલોપેથીક દવાઓ તથા ઈન્જેકશનો આપી રેઈડ દરમ્યાન દવાઓ તથા ઈન્જેકશનો તથા મેડીકલ સાધનો મળી કુલ રૂા.૧,૪૬૨.૭૪/- ના મુદ્દામાલ સાથે મળી આવેલ છે. આમ, ઉપરોકત હકીકતેની ફરીયાદીની ફરીયાદ આધારે પોલીસે સમી પોલીસ સ્ટેશન પ્રથમ ગુના.રજી.નં.૧૧૨૧૭૦૨૯૨૫૦૧૧૪/૨૦૨૫ થી ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે તપાસ કરી તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ બી.એન.એસ.કલમ-૩૧૯(૨) તથા ધી ગુજરાત મેડીકલ પ્રેકટીશ્નર એકટ ૧૯૬૩ ની કલમ-૩૦ મુજબના ગુનાનુ ચાર્જશીટ કરી અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૨) આ કામે ચાર્જશીટ રજુ થયા બાદ આ કામના આરોપીને સમન્સ કાઢવામાં આવતા, તેઓ અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં, બી.એન.એસ.એસ.ની કલમ -૨૩૦ અન્વયે આરોપીને તેમની સામેના કેસના પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કરવામાં આવેલ છે અને આંક-૦૪ થી આરોપી સામે ઉપરોકત ગુના અંગેનું તહોમતનામું ફરમાવી અને આંક-૦૫ થી આરોપીનો જવાબ લેવામાં આવતા તેઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરતા, ફરીયાદ પક્ષ તરફે પુરાવો નોંધવામાં આવેલ છે. તેઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરતા, ફરીયાદ પક્ષ તરફે પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે.

**- : : મૌખિક પુરાવા : : -**

| **ક્રમ નં.** | **મૌખિક પુરાવાની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદી પ્રવિણદાન લક્ષ્મણદાનની જુબાની | ૦૮ |

| | | |
|---|---|---|
| ૨ | પંચ સાહેદ શ્રવણજી બાબુજી ઠાકોરની જુબાની | ૧૩ |
| ૩ | પંચ સાહેદ છોટાજી ભાવસંગજી ઠાકોરની જુબાની | ૧૫ |
| ૪ | સાહેદ શૈલેષભાઇ રામજીભાઇની જુબાની | ૧૭ |
| ૫ | સાહેદ જગદીશભાઇ નવીનભાઇની જુબાની | ૧૮ |
| ૬ | સાહેદ નરેન્દ્રસિંહ વાઘાજીની જુબાની | ૧૯ |
| ૭ | સાહેદ પ્રવિણદાન લક્ષ્મણદાનની જુબાની | ૨૨ |
| ૮ | સાહેદ બચુપુરી મનસુખપુરી ગોસ્વામીની જુબાની | ૨૩ |
| ૯ | ત.ક.અધિ.શ્રી દશરથજી ગોવુજીની જુબાની | ૨૫ |

**– : : દસ્તાવેજી પુરાવાઓ : : –**

| **ક્રમ નં.** | **દસ્તાવેજી પુરાવાની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૦૯ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૪ |
| ૩ | ઈ–સાક્ષ્ય સર્ટીફીકેટ | ૨૦ |
| ૪ | ડેપ્યુટ હુકમ | ૨૬ |

આમ, ઉપર મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ફરીયાદ પક્ષ તરફે રજુ થયા બાદ ફરીયાદ પક્ષ તરફે વધુ પુરાવો રજુ કરવો નથી તેમ જણાવતા વિ.એ.પી. પી. શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદ પક્ષ તરફે વિશેષ પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૪) આ કામે ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવા અન્વયે બી. એન. એસ. એસ. ની કલમ–૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવતા તેઓએ ફરીયાદ પક્ષના પુરાવાની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને આરોપીએ સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવના સાહેદ

તપાસેલ નથી અને વિશેષમાં તેઓ નિર્દોષ છે અને તેમની સામે ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી અમે.જી.કોરોટ તથા આરોપી તરફે વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે, પરંતુ તેની ચર્ચા જરૂર જણાયે કારણોમાં કરવામાં આવશે.

**(૫)** ઉપરોકત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**(૧)** શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે એ સાબિત કરે છે કે, તા.૦૪/૦૩/૨૦૨૫ ના કલાક ૧૫:૦૦ વાગ્યે માંડવી ગામે એક મકાનમાં બિમાર લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરી એલોપેથીક દવાઓ તથા ઈન્જેકશનો આપી રેઈડ દરમ્યાન દવાઓ તથા ઈન્જેકશનો તથા મેડીકલ સાધનો મળી કુલ રૂા.૧,૪૬૨.૭૪/- ના મુદ્દામાલ સાથે મળી આવી બી.એન.એસ.કલમ-૩૧૯(૨) તથા ધી ગુજરાત મેડીકલ પ્રેકટીશ્નર એકટ ૧૯૬૩ ની કલમ-૩૦ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

**(૨)** શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## કારણો

**(૭.૧)** **મુદ્દા નં.૧ :** આ કામે ફરીયાદ પક્ષ તરફે ફરીયાદી તેમની આંક-૦૮ ની જુબાનીમાં જણાવે છે કે, તા.૦૪-૦૩-૨૦૨૫ ના રોજ તેઓ એસ.ઓ.જી માં નોકરી કરતા હતા તે વખતે એસ.ઓ.જી. ના માણસો શૈલેષભાઈ રામજીભાઈ, નરેન્દ્રસિંહ વિગેરેના સમી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે વખતે ફરતા ફરતા વરાણા ત્રણ રસ્તા ઉપર આવતા શૈલેષભાઈ ને વરાણા ગામ નજીક આવતા બાતમી હકીકત મળેલ કે, ગામના બચુપુરી મનસુખપુરી, માંડવીવાળા ના મકાનમાં મેડીકલ ડીગ્રી મેળવીને

પ્રેકટીસ કરે છે, જેથી પંચોને બોલાવીને ત્યાં જતાં તે બાતમીવાળા સીમેન્ટના પતરાવાળા મકાનમાં એક ઈસમ ખુરશી રાખીને બેઠેલ છે અને ટેબલ ઉપર જુદી જુદી દવાઓ રાખેલ છે. પંચો રૂબરૂ તેમનુ નામઠામ પુછતા રાજેન્દ્રકુમાર મફતલાલ વ્યાસ, ખારીધારીયા, ચાણસ્માવાળો હોવાનું જણાવેલ, તેમને પુછતા તેઓ કોઈ ડોકટરની ડીગ્રી ધરાવતા નથી તેવું જણાવેલું. લાકડાનો પલંગ પડેલ છે, તેઓ દરરોજ ૧૦ થી ૧૨ પેસેન્ટોને દવાઓ કરે છે. તેમણે જણાવેલ તે હકીકત પંચનામાની વિગતે નરેન્દ્રસિં હનાઓએ લખી લીધેલી. ટેબલ ઉપરની દવાઓ જોતાં કુલ એલોપેથીક ૮ દવાઓ હતી. જે દવાઓ નરેન્દ્રસિંહ નાઓએ પંચનામાની વિગતે લખી લીધેલી. તેઓએ ફરીયાદના કામે તે વિગત ફરીયાદમાં લખી લીધેલી અને તેની વિરુધ્ધ ડોકટર ન હોવા છતાં પ્રેકટીસ કરે છે તે અંગેની ફરીયાદ આપેલી, જે ફરીયાદમાં તેમની સહી છે. જે ફરીયાદ આ કામે આંક–૦૯ થી રજુ છે.

વધુમાં,આરોપી તરફે તેઓની બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ આ રેડ કરેલ તે પહેલા કોઈ બોગસ દર્દી ઉભો કરી ગ્રાહક તરીકે મોકલેલ હોય તેવુ બનેલ નથી, તેઓએ ફરીયાદ આપતા પહેલા ઓરડીના માલીક કે પંચાયત અધિકારીને હાજર રાખેલ નથી, ત્યાં ડોકટરના સીમ્બોલ વાળુ બાઈક કે ગાડી પડેલ ન હતી, આ વ્યકિતએ કોઈ અન્ય ડોકટરનુ નામ ધારણ કરેલ હોય તેવુ પણ બનેલ નથી, તેઓ ફાર્માસીસ્ટ તરીકેનો કોર્સ કરેલ નથી, તેઓએ રેડ દરમ્યાન કઈ દવા શેના માટે વપરાય છે તે તેમને ખબર નથી, મેડીકલ દવા મળી પણ શકે અને કોઈ વ્યકિત રાખી પણ શકે, ત્યાંથી આ વ્યકિત ડોકટર છે તેવો કોઈ સાહિત્ય કે દસ્તાવેજો મળી આવેલ નથી .

(૮) આ કામે ફરીયાદ પક્ષ તરફે પંચ સાહેદ શ્રવણજી બાબુજી ઠાકોર ને આંક–૧૩ થી તથા બીજા પંચ સાહેદ છોટાજી ભાવસંગજી ઠાકોરને આંક–૧૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓની જુબાનીમાં આંક–૧૪ થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ આ કામે રજુ છે. વિ.એ.પી.પી.શ્રી દવારા તેઓને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ

ઉપરની જુબાનીમાં હાલના કામે કરવામાં આવેલ પંચનામાની હકીકતને સમર્થન કરતી જુબાની આપેલ નથી.

વધુમાં, આરોપી તરફે તેઓની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ પોલીસે તૈયાર કરેલા પંચનામામાં તેઓની સહીઓ લીધેલી. તે સીવાય તેઓ કાંઇ જાણતા નહી હોવાનું જણાવેલ.

(૯) આ કામે ફરીયાદ પક્ષ તરફે સાહેદ જગદીશભાઇ નવીનભાઇ તેમની આંક–૧૮ ની જુબાનીમાં જણાવે છે કે, તા.૦૪–૦૩–૨૦૨૫ ના રોજ તેઓ તેમજ શૈલેષભાઈ રામજીભાઈ, પ્રવિણદાન એસ.ઓ.જી. માં નોકરી કરતા હતા તે વખતે એસ.ઓ.જી. ના માણસો નરેન્દ્રસિંહ વિગેરેના સમી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે વખતે ફરતા ફરતા વરાણા ત્રણ રસ્તા ઉપર આવતા શૈલેષભાઈ નાઓને વરાણા ગામ નજીક આવતા બાતમી હકીકત મળેલ કે, ગામના બચુપુરી મનસુખપુરી, માંડવીવાળા ના મકાનમાં મેડીકલ ડીગ્રી મેળવીને પ્રેકટીસ કરે છે, જેથી પંચોને બોલાવીને ત્યાં જતાં તે બાતમીવાળા સીમેન્ટના પતરાવાળા મકાનમાં એક ઈસમ ખુરશી રાખીને બેઠેલ છે અને ટેબલ ઉપર જુદી જુદી દવાઓ રાખેલ છે. પંચો રૂબરૂ તેમનુ નામઠામ પુછતા રાજેન્દ્રકુમાર મફતલાલ વ્યાસ, ખારીધારીયા, ચાણસ્માવાળો હોવાનુ જણાવેલ, તેમને પુછતા તેઓ કોઈ ડોક્ટરની ડીગ્રી ધરાવતા નથી તેવુ જણાવેલુ. લાકડાનો પલંગ પડેલ છે, તેઓ દરરોજ ૧૦ થી ૧૨ પેશન્ટોની દવાઓ કરે છે. તેમણે જણાવેલ તે હકીકત પંચનામાની વિગતે નરેન્દ્રસિંહનાઓએ લખી લીધેલી. ટેબલ ઉપરની દવાઓ જોતાં કુલ એલોપેથીક ૮ દવાઓ હતી. જે દવાઓ નરેન્દ્રસિંહ નાઓએ પંચનામાની વિગતે લખી લીધેલી.પ્રવિણદાન નાઓએ ફરીયાદ આપેલી તેમજ આ કામના અધિકારીશ્રીએ તેમનો જવાબ લીધેલો. આરોપીને જોયેથી ઓળખી શકતા હોવાનું જણાવેલ છે.

વધુમાં, આરોપી તરફે તેઓની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ આ રેડ કરેલ તે

પહેલા કોઈ બોગસ દર્દી ઉભો કરી ગ્રાહક તરીકે મોકલેલ હોય તેવુ બનેલ નથી, તેઓએ ફરીયાદ આપતા પહેલા ઓરડીના માલીક કે પંચાયત અધિકારીને હાજર રાખેલ નથી, ત્યાં ડોકટરના સીમ્બોલ વાળુ બાઈક કે ગાડી પડેલ ન હતી, વ્યકિતએ કોઈ અન્ય ડોકટરનુ નામ ધારણ કરેલ હોય તેવુ પણ બનેલ નથી, તેઓ ફાર્માસીસ્ટ તરીકે કોર્સ કરેલ નથી, તેઓએ રેડ દરમ્યાન કઈ દવા શેના માટે વપરાય છે તે તેમને ખબર નથી, મેડીકલ દવા મળી પણ શકે અને કોઈ વ્યકિત રાખી પણ શકે, ત્યાં થી આ વ્યકિત ડોકટર છે તેવો કોઈ સાહિત્ય કે દસ્તાવેજો મળી આવેલ નથી.

**(૧૦)** આ કામે ફરીયાદ પક્ષ તરફે સાહેદ નરેન્દ્રસિંહ વાઘાજી તેમની આંક–૧૯ ની જુબાનીમાં જણાવે છે કે, તા.૦૪–૦૩–૨૦૨૫ ના રોજ તેઓ તેમજ શૈલેષભાઈ રામજીભાઈ, જગદીશભાઈ, પ્રવિણદાન એસ.ઓ.જી. માં નોકરી કરતા હતા તે વખતે એસ.ઓ.જી. ના માણસો વિગેરેના સમી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે વખતે ફરતા ફરતા વરાણા ત્રણ રસ્તા ઉપર આવતા શૈલેષભાઈ નાઓને વરાણા ગામ નજીક આવતા બાતમી હકીકત મળેલ કે, ગામના બચુપુરી મનસુખપુરી, માંડવીવાળા ના મકાનમાં મેડીકલ ડીગ્રી મેળવીને પેકટીસ કરે છે, જેથી પંચોને બોલાવીને ત્યાં જતાં તે બાતમીવાળા સીમેન્ટના પતરાવાળા મકાનમાં એક ઈસમ ખુરશી રાખીને બેઠેલ છે અને ટેબલ ઉપર જુદી જુદી દવાઓ રાખેલ છે. પંચો રૂબરૂ તેમનુ નામઠામ પુછતા રાજેન્દ્રકુમાર મફતલાલ વ્યાસ, ખારીધારીયા, ચાણસ્માવાળો હોવાનું જણાવેલ, તેમને પુછતા તેઓ કોઈ ડોકટરની ડીગ્રી ધરાવતા નથી તેવુ જણાવેલુ. લાકડાનો પલંગ પડેલ છે, તેઓ દરરોજ ૧૦ થી ૧૨ પેશન્ટોની દવાઓ કરે છે. તેમણે જણાવેલ તે હકીકત પંચનામાની વિગતે અમોએ લખી લીધેલી, ટેબલ ઉપરની દવાઓ જોતાં કુલ એલોપેથીક ૮ દવાઓ હતી. જે દવાઓ તેઓએ પંચનામાની વિગતે લખી લીધેલી, આંક–૧૪ ના પંચનામામાં પંચોની સહી તેમજ તેમની સહી છે. આરોપીને અટક કરેલા, આરોપી વિરુધ્ધ ગુનો બનતો હોઈ, પ્રવિણદાન નાઓએ ફરીયાદ આપેલી તેમજ આ કામના ત.ક અધિકારીશ્રીએ તેમનો જવાબ

લીધેલો. આરોપીને જોયેથી ઓળખી શકે. જેની તેઓએ પંચનામાની વિગતે જે તેઓના મોબાઈલમાં તેઓના ડીપાર્ટમેન્ટ તરફથી આપવામાં આવેલ એપ્લીકેશન ઉપર તેઓએ સમય મુજબ અપલોડ કરી મુકી દીધેલુ. ઈલેકટ્રોનીક રેકોર્ડ બનાવી સામેલ રાખેલુ. તેઓએ ૬૫–બી નું સર્ટીફીકેટ એફ.આઈ.આર સાથે પોલીસ સ્ટેશને આપી દીધેલુ. ૬૫–બી નું સર્ટીફીકેટ તેઓએ એફ.આઇ.આર. સાથે આપેલું જેમા તેમની સહી છે. જે આ કામે આંક–૨૦ થી રજુ છે.

વધુમાં, આરોપી તરફે તેઓની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ આ રેડ કરેલ તે પહેલા કોઈ બોગસ દર્દી ઉભો કરી ગ્રાહક તરીકે મોકલેલ હોય તેવુ બનેલ નથી, તેઓએ ફરીયાદ આપતા પહેલા ઓરડીના માલીક કે પંચાયત અધિકારીને હાજર રાખેલ નથી, ત્યાં ડોકટરના સીમ્બોલ વાળુ બાઈક કે ગાડી પડેલ ન હતી, વ્યકિતએ કોઈ અન્ય ડોકટરનુ નામ ધારણ કરેલ હોય તેવુ પણ બનેલ નથી, તેઓ ફાર્માસીસ્ટ તરીકે કોર્સ કરેલ નથી, તેઓએ રેડ દરમ્યાન કઈ દવા શેના માટે વપરાય છે તે તેમને ખબર નથી, મેડીકલ દવા મળી પણ શકે અને કોઈ વ્યકિત રાખી પણ શકે, ત્યાં થી આ વ્યકિત ડોકટર છે તેવો કોઈ સાહિત્ય કે દસ્તાવેજો મળી આવેલ નથી, તેઓએ પંચનામું કરતી વખતે કોઇ બોગસ ગ્રાહક મોકલી દવા કરાવેલ હોઇ તેવું પણ બનેલ નથી, કોઇ પણ વ્યકિત તાવ, કડતરની દવાઓ મેડીકલમાંથી લઇ શકે છે.

**(૧૧)** આ કામે ફરીયાદ પક્ષ તરફે સાહેદ બચુપુરી મનસુખપુરી ગોસ્વામીને આંક–૨૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. વિ.એ.પી.પી.શ્રી દવારા તેઓને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં હાલના કામે કરવામાં આવેલ પંચનામાની હકીકતને સમર્થન કરતી જુબાની આપેલ નથી.

વધુમાં, આરોપી તરફે તેઓની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ ૩૦ વર્ષથી બહાર રહે છે અને આરોપી કોઇ દવાનું વેચાણ કરતો હોય કે આપતો હોય તેવું

તેમના ધ્યાનમાં આવેલ નથી.

**(૧૨)** આ કામે ફરીયાદ પક્ષ તરફે ત.ક.અમલદાર શ્રી દશરથજી ગોવુજી તેમની આંક–૨૫ ની જુબાનીમાં જણાવે છે કે, તા.૦૪/૦૩/૨૦૨૫ ના રોજ તેઓ સમી પો.સ્ટે.ફરજ બજાવતા હતા ત્યારે આ કામના પી.એસ.ઓ. કાળુભા બચુજીએ ગુનો નોંધી, તે ગુનાની તપાસ તેમને આપેલી. તેઓએ તે ગુનાની તપાસ સંભાળી લીધેલી. જે ડેપ્યુટ હુકમ આ કામે આંક–૨૬ થી રજુ છે. સાહેદોના નિવેદનો લીધેલા અને ત્યાર બાદ આગળની તપાસ નરેશકુમારને આપેલી. તેઓએ સદર ગુનાની તપાસ કરી, તેઓએ ચાર્જશીટ કરેલુ. આરોપીએ પોતાની લાયકાત સિવાય મેડીકલ પ્રેકટીસ કરી, બી.એન.એસ.ની કલમ–૩૨૯(૨) તેમજ ગુજરાત પ્રેકટીશનર એકટ–૧૯૬૩ મુજબનો ગુનો કરેલ હોય આ કામે નરેશકુમારનાઓએ ચાર્જશીટ કરેલું.

વધુમાં, આરોપી તરફે તેઓની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમની તપાસમાં આ ડોકટરનું નામ ધારણ કરેલ હોય તેવું નીકળેલ નથી, વ્યકિત પોતાના ઉપયોગ માટે દવા રાખી શકે.

## – : : ફરીયાદ પક્ષનો પુરાવો અને તેનું મુલ્યાંકન : : –

**( ૧૪ )** આમ, હાલના કામે ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતાં ફરીયાદી તથા પોલીસ સાહેદોએ પોતાની સોગંદ ઉપરની જુબાની દરમ્યાન ફરીયાદ તથા સાહેદોના નિવેદનને અનુરૂપ જુબાની આપે છે અને આરોપીને મુદ્દામાલ સાથે અટક કરેલ છે તેમ જણાવે છે, પરંતુ આ કામે ફરીયાદી તથા સાહેદોના જણાવ્યા મુજબ જે પંચ સાહેદો સાથે બનાવવાળી જગ્યાએ રેડમાં ગયેલ તે તટસ્થ અને સ્વતંત્ર એવા પંચ સાહેદોના પુરાવાથી મુદ્દામાલ કબજે કર્યા અંગેના પંચનામાની હકીકતને કોઈ સમર્થન મળતુ નથી અને અને

પોલીસે તેઓની રૂબરૂમાં કોઈ મુદ્દામાલ કબજે કરેલ તેવી કોઈ હકીકત જણાવતા નથી. વધુમાં આ કામે ઓરડીના માલીક કે પંચાયત અધિકારીના નિવેદન લીધેલ નથી જેથી ઓરડીની માલીકીનો કોઇ આધાર પુરાવો ફરીયાદ પક્ષે રજુ કરેલ નથી કે ઓરડીનો નંબર નથી. વધુમાં આ કામે બનાવવાળી જગ્યાએ સ્વતંત્ર સાહેદો મળી શકતા હોવા છતા એવા કોઈ સાહેદોને તપાસના કામે તપાસ કરનાર અમલદાર નિવેદનો લીધેલા નથી. વધુમાં જોવામાં આવે તો, હાલનાં આરોપી જરૂરી ડીગ્રી ન હોવા છતા વગર ડીગ્રીએ લોકોને તપાસીને તબીબી સારવાર આપતા હોવાનો ફરીયાદ પક્ષનો આક્ષેપ છે, પરંતુ આ આરોપીએ કોઈ વ્યક્તિને તબીબ તરીકે તબીબી સારવાર આપી હોય તેવા કોઈ દર્દીને સાહેદ તરીકે રજુ રાખેલ નથી. આથી માત્ર વિવિધ કંપનીની દવાઓ કે તબીબી સારવારને લગતા સાધનો પોતાનાં કબજામાં રાખવા માત્રથી કલમ–૩૦ મુજબનો ગુન્હો આચરેલ હોવાનું કહી શકાય નહી. આ કામે વિચારણા કરવામાં આવે તો, આ પ્રકારનાં કલીનીકો સરાજાહેર જ ચાલતા હોય છે અને લોકોમાં તે કલીનીકો ચાલતા હોવા બાબતની માહીતી પણ હોય છે. તેમ છતા આ કામે રેઈડમાં સામેલ માત્ર પોલીસ કર્મચારીઓને જ સાહેદો તરીકે દર્શાવેલા છે અને આ કામે ફરીયાદી તથા સાહેદોનો પુરાવો જોતા બનાવવાળી જગ્યાએ જાહેર જગ્યા છે, તેમ છતા તેવા કોઈ દુકાનવાળાઓના આ કામે તપાસ કરનાર અમલદારે નિવેદન લીધેલ નથી કે તેઓને સાહેદ તરીકે તપાસેલા નથી. આ હકીકત જ સ્વયં પોલીસ આ ગુનાનાં કામે કેટલી ગંભીર છે તે દર્શાવી આપે છે. વધુમાં આ કામે ફરીયાદી તથા સાહેદોનો પુરાવો જોતા બનાવવાળી જગ્યાએ કોઈ ડોકટરનું બોર્ડ મારેલ ન હતુ કે બનાવવાળી જગ્યાએ કોઈ બાઈક કે ગાડી પડેલ હોય અને તે વાહન ઉપર કોઈ ડોકટરનું નિશાન હોય તેવુ પણ બનેલ નથી કે રેડ સમયે બનાવવાળી જગ્યાએ કોઈ દર્દી બેઠા હોય કે કોઈની

સારવાર ચાલુ હોય તેવું પણ બનેલ નથી તેમજ આ કામે તપાસ દરમ્યાન આરોપીએ કોઈની સારવાર કરેલ હોય અને તે લેનારને જીવનું જોખમ ઉભુ થયેલ હોય તેવી પણ કોઈ હકીકત જાહેર થયેલ નથી. તેથી આ કામે બનાવની સમગ્ર તપાસ દરમ્યાન કોઈ ઈસમે આરોપી પાસેથી તેઓના કથિત ગુનાહિત પ્રવૃત્તિના ભાગરૂપે એલોપેથીક દવા મેળવેલ હોય કે આરોપીના કારણે કોઈ વ્યકિતના સ્વાસ્થય સાથે ચેડા થયેલ હોય તેવી કોઈ હકીકત ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવો જોતા રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં બનાવવાળી જગ્યાએ મળી આવેલ દવાઓ અને ઈન્જેકશન તથા તબીબને લગતા સાધનો આરોપીના હોય તેવુ દર્શાવતો પણ કોઈ આધાર પુરાવો ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ નથી. વધુમાં આ કામે રેડ દરમ્યાન મેડીકલ કાઉન્સીલ કે સરકારશ્રીની ઓફીસમાંના મેડીકલ ઓફીસરશ્રીને સાથે રાખેલ નથી. જેથી ફરીયાદ પક્ષના કેસ બાબતે વ્યાજબી શંકા ઉપસ્થિત થાય છે.

આમ, આ કામે આરોપી સામે ફરીયાદ પક્ષે આ કામના આરોપી કોઈપણ જાતની ડોકટરી ડીગ્રી ધરાવતા ન હોવા છતાં મેડીકલ પ્રેકટીશ કરી લોકોને એલોપેથીક દવાઓ આપતા હોવાનો આક્ષેપ કરી આરોપીએ બી.એન.એસ.કલમ–૩૧૯(૨) તથા ધી ગુજરાત મેડીકલ પ્રેકટીશ્નર એકટ ૧૯૬૩ ની કલમ–૩૦ મુજબનો ગુનો કરેલ હોવાનો આ કામે ફરીયાદ પક્ષ તરફે આરોપી સામે આક્ષેપ કરવામાં આવેલ છે, પરંતુ સદરહુ આક્ષેપ આ કામે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદ પક્ષ રજુ થયેલ પુરાવાથી નિ:શંકરીતે પુરવાર કરી શકેલ નથી અને નામદાર વડી અદાલત તથા નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે ફરીયાદ પક્ષે પોતાની કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જો ફરીયાદ પક્ષના પુરાવામાં શંકા ઉપસ્થિત થાય તો તેનો લાભ આરોપીને મળવો જોઈએ અને હાલના કામે પણ

ફરીયાદ પક્ષ આરોપી સામેનો આરોપ રજુ થયેલ પુરાવાથી નિ:શંકરીતે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોઈ, જેથી હાલના કામે પણ આરોપીને શંકાનો લાભ મળવા પાત્ર હોવાનું આ અદાલતનું માનવું છે, તેથી મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે અને આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પૈકી મુદ્દામાલ પાવતી નં. ૨૫/૨૦૨૫, તા.૧૪-૦૨-૨૦૨૫ માં જણાવ્યા મુજબ અનુક્રમ નં.૧ થી ૧૨ નો મુદ્દામાલ મેડીકલ સારવારને લગતા ઈન્જેકશનો, દવાઓ, સીરપ વિગેરે હોઈ અને તેનો નાશ કરવો જરૂરી જણાય છે, જેથી મુદ્દા નં. ૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## હુકમ

**૧.** બી. એન. એસ. એસ. ની કલમ-૨૭૧ (૧) અન્વયે આ કામના આરોપી રાજેન્દ્રકુમાર મફતલાલ વ્યાસ, ઉ.વ.૬૦, હાલ રહે : મકાન નં.૩૪, અન્નપુર્ણા સોસાયટી, જીમખાના, પાટણ, તા.જી.પાટણ, મુળ રહે : ખારીધારીયાલ, તા.ચાણસ્માં, જી.પાટણ.વાળાઓને બી.એન.એસ.ની કલમ-૩૧૯(૨) તથા ધી ગુજરાત મેડીકલ પ્રેકટીશ્નર એકટ ૧૯૬૩ ની કલમ-૩૦ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**3.** આરોપીના બી.એન.એસ.એસ.નીકલમ–૪૮૦ (એ)મુજબના સમય માટે જુના જામીન ચાલુ રાખવામાં આવેલ છે.

આ હુકમ આજ **તા.૨૩ મી,** માહે **એપ્રિલ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

તારીખ : ૨૩/૦૪/૨૦૨૬

સ્થળ : સમી.

**(વિજયકુમાર મુળજીભાઈ વણકર)**
એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
સમી.

BJV

UIC No.GJ 01161